પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૭૬ | ૧૭ ડીસેમ્બર, ૨૦૨૦, ગુરૂવાર; માગશર - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# સરકાર-ખેડૂતો સમજૂતી માટે સમિતિ બનાવે : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૧૬

કૃષિ બિલ વિરૂદ્ધ આંદોલન કરી રહેલા ખેડૂતોના મુદ્દે આજે દેશની સર્વોચ્ચ અદાલતમાં સુનાવણી હાથ ધરવામાં આવી છે. આ માટે એક કમિટી બનાવવાનો સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે.

આ મામલે સુપ્રીમ કોર્ટમાં આવતી કાલે ગુરૂવારે સુનાવણી

**ખેડૂત આંદોલન ૨૧ દિવસે પણ ચાલુ રહેતાં સમસ્યા વધી : લોનો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થી, અન્ય બે લોકો દ્વારા કરવામાં આવેલી અરજીના પગલે સુપ્રીમે સુનાવણી કરી : કેન્દ્ર સહિત કેટલાક રાજ્યોને નોટિસ**

હતી. છેલ્લા ૨૦ દિવસથી ખેડૂત રસ્તા પર છે. સરકાર સાથે અનેક તબક્કાની વાતચીત બાદ પણ કોઈ સમાધાન નથી સધાઈ રહ્યું. આ દરમિયાન હવે સુપ્રીમ કોર્ટે આ મામલે સરકાર અને ખેડૂતો વચ્ચે સમજુતિ કરાવવાની પહેલ કરી હાથ ધરવામાં આવશે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર, દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પંજાબ સરકારને નોટિસ ફટકારીને જવાબ માંગ્યો છે. કાયદાનો અભ્યાસ કરી રહેલા

● અનુસંધાન પાન-૭ પર



## સિંધુ બોર્ડર પર ખેડૂત નેતા બાબા રામસિંહની આત્મહત્યા

નવી દિલ્હી, તા.૧૬

ખેડૂત આંદોલનમાં સતત સક્રિય રહેલ હરિયાણા એસ.જી.પી.સી. ના નેતા બાબા રામસિંહે આજે આંદોલનના સ્થળે પોતાની રિવોલ્વરમાં ગોળી મારી આત્મહત્યા કરી લીધી હતી.

બાબા રામસિંહે સુસાઈટ નોટમાં સરકાર દ્વારા લદાયેલ કાળા કાયદાના વિરોધમાં આત્મહત્યા કર્યાનું નોંધ્યું છે.

વધુમાં તેમણે સરકારના જુલમો અને કિસાનોની અવગણના સામે રોષ વ્યક્ત કરતા પોતાની જીંદગી ટૂંકાવવાની સુસાઈડ નોટમાં ઉલ્લેખ કર્યો છે. બાબા રામસિંહની હત્યાથી સિંધુ બોર્ડર પર ખેડૂતોમાં ભારે ઉશ્કેરાટ વર્તાય છે. હરિયાણા અને પંજાબમાં પણ આત્મહત્યાના સમાચાર પ્રસરતા ખેડૂતોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો.

આવનારા દિવસોમાં ખેડૂત આંદોલન કેવા વળાંક લેશે એ જોવાનું રહ્યું. સરકાર અને ખેડૂતો વચ્ચે સુપ્રીમ કોર્ટે પણ આજે સમિતિ બનાવવાનું સુચન કર્યું છે. જ્યારે કેન્દ્રીય નિતીન ગડકરી અને નરેન્દ્રસિંહ તોમરે પણ ખેડૂતોને ફરીથી વાતચીત માટે સરકાર વતી નિમંત્રણ પાઠવ્યું છે.

## ૬૦ વર્ષથી વધુની વ્યક્તિને એર ઈન્ડિયાની ટિકિટ અડધા ભાવે

**કેન્દ્ર સરકારની સિનિયર સિટિઝન્સને ભેટ : એર ઈન્ડિયાની વેબસાઇટ પર યોજનાની સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે : મંત્રાલય દ્વારા માહિતી અપાઈ**

નવી દિલ્હી, તા. ૧૬

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે હવાઈ મુસાફરી કરનાર સીનિયર સીટીઝન યાત્રીકોને ખુબ મોટી ભેટ આપી છે. દેશમાં ૬૦ વર્ષથી ઉપરના કોઇ પણ વ્યક્તિને હવે એર ઈન્ડિયાની ટીકિટ અડધા ભાવે મળશે. મંત્રાલય દ્વારા બુધવારે આ જાણકારી આપવામાં આવી હતી.

એર ઈન્ડિયાની વેબસાઈટ પર આ યોજનાની સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે. જે અનુસાર આ નિયમોનું પાલન કરવાનું રહેશે. આ યોજનાનો લાભ લેનાર ભારતીય નાગરીક હોવો જોઈએ. ભારતમાં વસતો વરિષ્ઠ નાગરીક જે યાત્રા તિથિએ ૬૦ વર્ષનો થઇ ચુક્યો હોવો જોઇએ. ઈકોનોમી કેબીનમાં પસંદ થયેલ બુકિંગ શ્રેણીમાં ૫૦% ભાડુ ચુકવવાનું રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

## ૬૦ લાખ ટન ખાંડની નિકાસ કરવા નિર્ણય

**ખેડૂતોના આંદોલન વચ્ચે સરકારનો માસ્ટર સ્ટ્રોક : આ વર્ષે ૬૦ લાખ ટન ખાંડ નિકાસ ઉપર સબસિટીનો નિર્ણય, ખેડૂતોના એકાઉન્ટમાં સીધી સબસિડી જમા થશે**

નવી દિલ્હી, તા. ૧૬

કૃષિ કાયદાને લઈને ચાલી રહેલા આંદોલન વચ્ચે આજે મોદી કેબિનેટે એક મહત્વનો નિર્ણય લીધો છે. સરકારે ૬૦ લાખ ટન ખાંડની નિકાસ કરવાનો નિર્ણય લીધો છે, જેનાથી થનારી આવક, સબસિડીથી ૫ કરોડ ખેડૂતોને સીધો લાભ થશે. કેન્દ્રીય કેબિનેટ મંત્રી પ્રકાશ જાવડેકર અને રવિશંકર પ્રસાદે આ જાણકારી આપી હતી.

કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, આ વર્ષે સરકારે ૬૦ લાખ ટન ખાંડ નિકાસ પર સબસિટી આપવાનો નિર્ણય કર્યો છે. ખેડૂતોના ખાતામાં સીધી સબસિડી જમા થશે. આ સબસિડી પાછળ ૩૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ ઉપરાંત ૧૮૦૦૦ કરોડ રૂપિયાની આવક પણ ખેડૂતોને મળશે.

કેન્દ્રીય મંત્રીના જણાવ્યા પ્રમાણે આ નિર્ણયથી દેશના ૫ કરોડ લોકોને ફાયદો થશે. આ ઉપરાંત ૫ લાખ કામદારોને પણ તેનો લાભ થશે. મંત્રીના જણાવ્યા પ્રમાણે એક સપ્તાહની અંદર જ ૫૦૦૦ કરોડ રૂપિયા સુધીની સબસિડી ખેડૂતોને મળવા લાગશે. ૬૦ લાખ ટન ખાંડને ૬ હજાર રૂપિયા પ્રતિ ટનના હિસાબે નિકાસ કરવામાં આવશે.

પ્રકાશ જાવડેકરના જણાવ્યા પ્રમાણે આ વર્ષે ખાંડનું ઉત્પાદન ૩૧૦ લાખ ટન જેટલુ થશે તેની સામે દેશમાં ખાંડની ખપત ૨૬૦ લાખ ટનની છે. ખાંડના ભાવ પણ ઓછા હોવના કારણે ખેડૂતો અને ઉદ્યોગો સંકટમાં છે. જેનો ઉકેલ લાવવા માટે ૬૦ લાખ ટન ખાંડની નિકાસ પર સબસિડી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કૃષિ કાયદાને લઈને ચાલી રહેલા આંદોલનો વચ્ચે મોદી સરકારે મોટી સંખ્યામાં ખેડૂતો માટે લાભકારી નિર્ણય લીધો છે. એ પણ ત્યારે જ્યારે સરકાર કૃષિ કાયદા મામલે ખેડૂતોને મનાવવાનો પ્રયાસ કરી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- બિહાર મંત્રીમંડળે રાજ્યના તમામ નાગરિકોને વિનામૂલ્યે કોરોના વેક્સીન આપવાનો નિર્ણય કર્યો.
- અમદાવાદ ખાડિયા પોલીસ સ્ટેશનના પોલીસકર્મીનું કોરોનામાં મોત.
- ખેડૂત આગેવાનોની સુપ્રિમ કોર્ટમાં અરજી.
- કેરાલામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ડાબેરી મોરચાને બહુમતી.
- પ.બંગાળમાં તૃણમુલ કોંગ્રેસમાંથી સુવેન્દુ અધિકારીએ ધારાસભ્યપદેથી રાજીનામુ આપ્યુ.
- ગુજરાત જોઈન્ટ ઈન્કમટેક્સ કમિશનર ડી.જી. પાંચરીનું કોરોનાથી મૃત્યુ.
- નાસતા ફરતા જેલર વી.કે. પરમારની ધરપકડ.
- પાકિસ્તાન દ્વારા ત્રણ ભારતીય બોટ અને ૨૬ માછીમારોનુ અપહરણ.

## આગરાની બેંકમાંથી ૫૭ લાખ રુપિયાની દીલધડક લૂંટ

**ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાં ગાર્ડ નહોતો : લૂંટના મામલામાં બેંકની મોટી બેદરકારી સામે આવી છે**

આગ્રા,તા.૧૬

તાજ નગરી આગ્રામાં ચાર લૂંટારૂઓએ ઈન્ડિયન ઓવરસીઝ બેંકના સ્ટાફને બાથરૂમમાં બંધ કરીને લગભગ ૫૭ લાખ રૂપિયા લૂંટીને ફરાર થઈ ગયા. ઘટનાની જાણ થતાં જ શહેરમાં ઉહાપોહ થઈ ગયો. હરકતમાં આવેલી પોલીસએ લૂંટારૂઓને પડવા માટે ગ્વાલિયર પોલીસના અધીકારીઓ સાથે વાત કરી. વાતચીત બાદ ગ્વાલિયરમાં પોલીસનું ચેકિંગ વધારી દેવામાં આવ્યું છે. બીજી તરફ લૂંટના મામલામાં બેંકની મોટી બેદરકારી સામે આવી છે. પોલીસ અધિકારીઓ મુજબ બેંકમાં કોઈ સુરક્ષા ગાર્ડ તૈનાત નહોતો. સાંજે ૫ વાગ્યાની આસપાસ જ્યારે આ ઘટના બની તે સમયે સુરક્ષાની કોઈ વ્યવસ્થા નહોતી. લગભગ ૫૭ લાખ એકત્ર કર્યા બાદ હથિયારોથી સજ્જ લૂંટારૂઓએ બેંકના કર્મચારીઓને એક-એક કરીને બાથરૂમમાં બંધ કરી દીધા. ત્યારબાદ રૂપિયાથી ભરેલી બેગ લઈને ચારે લૂંટારૂ બે બાઇક પર સવાર થઈને ભાગી ગયા. કારણ કે બેંક સ્ટાફ બાથરૂમમાં કેદ હતો તેથી સમયસર પોલીસની કાર્યવાહી ન થઈ શકી. જ્યાં સુધી પોલીસને બેંકમાં લૂંટની જાણ થઈ ત્યાં સુધીમાં લૂંટારૂ ભાગી ચૂક્યા હતા. પ્રારંભિક તપાસમાં જ્યારે બેંક અધિકારીઓ સાથે પોલીસે વાત કરી તો સૌથી ચોંકાવનારી વાતનો ખુલાસો થયો કે બેંકમાં સુરક્ષા માપદંડોની અનુસરવામાં નહોતા આવ્યા. નિયમ મુજબ બેંકમાં સુરક્ષા ગાર્ડની તૈનાતી હોવી જોઈએ, પરંતુ બેંકમાં કોઈ સુરક્ષા ગાર્ડ તૈનાત નહોતો. બેંકમાં મોટી લૂંટની ઘટના બાદ આગ્રામાં હોબાળો થઈ ગયો છે. શહેરના રસ્તાઓ પર અનેક સ્થળે પોલીસ જોવા મળી રહી છે.

## પ્રધાનમંત્રી મોદીએ ૧૯૭૧ યુદ્ધના જાંબાજોને સલામી આપી

**સ્વર્ણિમ વિજય મશાલ પ્રજ્વલિત કરી : ૧૬ ડિસમ્બર ભારતમાં વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે, પાકની સામે ૧૯૭૧માં ભારતને જીત મળી હતી**

નવી દિલ્હી,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ષ ૧૯૭૧ના ભારત-પાકિસ્તાન યુદ્ધના ૫૦ વર્ષ પૂરા થવાના અવસર પર બુધવારે રાજધાની દિલ્હી સ્થિત



રાષ્ટ્રીય સમર સ્મારકની અમર જ્યોતિથી સ્વર્ણિમ વિજય મશાલ પ્રજ્વલિત કરી. વિજય દિવસના પ્રસંગે પીએમ મોદીએ નવી દિલ્હી સ્થિત નેશનલ વૉર મેમોરિયલમાં સ્વર્ણિક વિજય મશાલને પ્રજ્વલિત કરી. વડાપ્રધાને આ દરમિયાન ૧૯૭૧ની યુદ્ધના જાંબાજોને યાદ કર્યા અને શ્રદ્ધાંજલિ અર્પિત કરી. બીજી તરફ, રક્ષા મંત્રી રાજનાથ સિંહે રાષ્ટ્રીય સમર સ્મારક પર સ્વર્ણિક વિજય વર્ષના લૉગોનું અનાવરણ કર્યું. તેની સાથે સમગ્ર વર્ષ સુધી ચાલનારા સ્વર્ણિક વિજય વર્ષ સમારોહની શરૂઆત થઈ ગઈ છે. વડાપ્રધાન મોદીએ વિજય દિવસના પ્રસંગે વિજય જ્યોતિ યાત્રાને રાજધાની દિલ્હીથી રવાના કરી. વિજય યાત્રામાં ચાર વિજય મશાલ એક વર્ષની અવધિમાં સમગ્ર દેશના છાવણી વિસ્તોરોમાં જશે. તેમાં ૧૯૭૧ યુદ્ધના પરમવીર ચક્ર અને મહાવીર ચક્ર વિજેતા સૈનિકોના ગામ પણ સામેલ છે. આવતા વર્ષે નવી દિલ્હીમાં જ પૂરી થશે. રક્ષા મંત્રાલય તરફથી જાહેર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, આ વિજેતાઓના ગામોની સાથોસાથ

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર ભારતમાં સંખ્યાબંધ ટ્રેનો ધૂમ્મસના પગલે રદ

ન્યુ દિલ્હી,તા.૧૬

સમગ્ર ઉત્તર ભારતમાં હાડ થીજાવતી ઠંડી પડવાની સાથોસાથ રેલવે ટ્રેક પર ગાઢ ધૂમ્મસ છવાઈ જતાં રેલવેને સંખ્યાબંધ ટ્રેનો રદ કરવાની ફરજ પડી હતી. રેલવેના પ્રવક્તાએ કહ્યું હતું કે ગાઢ ધૂમ્મસના પગલે વિઝિબિલિટી લગભહ શૂન્ય થઇ ગઇ હતી.




इंडियनऑयल
Indian Oil

ઈન્ડીયન ઓઈલ પેટ્રોલ પંપ

Sabarmati Gas Ltd.
(A Joint Venture of GSPC and BPCL)

કોલેટી અને કોન્ટેટી એસ્યોર્ડ પેટ્રોલ પંપ

CNG

લકી ડ્રોમાં આપ જીતી શકો છો દર અઠવાડિયે રૂા.૬૦૦/- સુધીનો CNG ફ્રી

ધમાકે દાર ઓફર

Offer Period : 17 December To 28 February 2021

Narnarayan Petroleum, Sector-16, Gh-5, Near HDFC Bank